### અરજીઓ કરી-કરીને કંટાળેલા
# ધ્રોલના યુવાનનો મુખ્યમંત્રી કાર્યાલયમાં આપઘાતનો પ્રયાસ
## સી.એમ.ઓ.માં પહોંચીને ઊંઘની પાંચ ગોળીઓ ગળી લઈ પ્યુનને કહ્યું કે 'મેં દવાઓ ખાઈ લીધી છે..! : યુવાન હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા. ૧૮

જામનગરના ધ્રોલ વિસ્તારમાં રહેતો ૨૮ વર્ષિય યુવાન રેતી માફીયાઓ સામે ફરિયાદો-અરજીઓ કરી-કરીને થાક્યો પરંતુ કોઈ એક્શન ન લેવાતા આખરે કંટાળીને ગાંધીનગર ખાતે સ્વર્ણિમ સંકુલ-૧ મુખ્યમંત્રી કાર્યાલય આવી પહોંચ્યો હતો અને ઊંઘની પાંચ ગોળીઓ ગઈ લઈ આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી હતી. દવાઓ ગળીને યુવાને પ્યુનને કહ્યું કે 'મે દવાઓ ખાઈ લીધી છે' તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને યુવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો.

મળતી વિગત અનુસાર આજે સાંજે સાડાચાર વાગ્યાના અરસામાં જામનગર ધ્રોલ વિસ્તારના માવાપરા ગામનો ૨૮ વર્ષિય યુવાન ગોકુલભાઈ વરૂ ગાંધીનગર નવા સચિવાલય આવ્યો હતો. સચિવાલયના ગેટ પાસેથી વીઝીટર પાસ નિકાળીને મુખ્યમંત્રી કાર્યાલયમાં સ્વર્ણિમ સંકુલ-૧માં યુવાન પહોંચ્યો હતો. ચોથા માળે મુખ્યમંત્રી કાર્યાલયની બાજુમાં સંયુક્ત સચિવ પરીમલ શાહની ચેમ્બરમાં આ યુવાન બેઠો..! થોડી વારમાં એક પ્યુન આવ્યો એટલે ગોકુલે કહ્યુ કે 'મેં દવાઓ ખાઈ લીધી છે.' પહેલા તો પ્યુન એવુ સમજ્યો કે કોઈ બિમારી હશે તેની દવા ખાઈ હશે એટલે કહ્યું કે 'સરસ..' પછી



ગોકુલે કહ્યું કે 'એમ નહી મે અરજીઓ કરી-કરીને કંટાળીને દવાઓ ખાઈ લીધી છે.' ત્યારે પ્યુનને સમજાયુ કે આ યુવાને આપઘાતનો પ્રયાસ કર્યો છે. તેની પાસે ઊંઘની દવાઓની એક સ્ટ્રીપ હતી તેમાં પાંચેક ગોળીઓ ઓછી હતી, તાત્કાલીક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને ગોકુલને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો. સેક્ટર-૭ પોલીસ પણ હોસ્પિટલ સ્થળ પર નિવેદન લેવા પહોંચી ગઈ હતી. આ યુવાને ત્યાંના રેતી માફીયાઓ સામે સ્થાનિક તંત્રને અનેક રજુઆતો કરી હતી પરંતુ કોઈ કાર્યવાહી થતી ન હતી. તેથી કંટાળીને આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું યુવાનનું કહેવુ છે. તો બીજી તરફ પોલીસે કરેલી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બે દિવસ અગાઉ ૧૬ તારીખે ત્યાંની પોલીસે પણ આ યુવાન સામે અટકાયતી પગલા લીધા હતા.

# ગાંધીનગર-સરખેજ રૂટની બસોની અનિયમિતતાથી મુસાફરો પરેશાન
## કન્ટ્રોલરૂમ અને ડ્રાઈવર-કન્ડક્ટર વચ્ચે તાલમેલનો અભાવ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરથી એસજી હાઈવે થઈ સરખેજ જતી શહેરી બસ સેવાની અનિયમિતા એ રોજીંદા મુસાફરો માટે મુશ્કેલી ઉભી કરી છે. એસટી ડેપોના કન્ટ્રોલર છે. સરખેજ-ગાંધીનગર તરફ દરરોજ નોકરી-વ્યવસાય કે અભ્યાસ હેતુસર અપડાઉન કરતા આ મુસાફરોને દરરોજ તેમની બસ આવશે કે કેમ તેની અનિશ્ચિતતાનો સામનો કરવો પડી રહ્યો છે. રોજ સવારે આ મુસાફરો



તથા બસના ડ્રાઈવર-કંડકટર વચ્ચે તાલમેલના અભાવે આ રૂટની બસો અંગે મુસાફરોને યોગ્ય માહિતિ પણ પ્રાપ્ત નથી થઈ રહી. વળી સવારે ૮.૩૦ કલાકની રેગ્યુલર બસ બે મહિનાથી અગમ્ય કારણોસર બંધ કરી દેવાઈ છે. તેનો પણ મુસાફોરને 'સાહેબે બંધ કરી છે' જેવો ઉડાઉ ખુલાસો આપવામાં આવી રહ્યો હોવાની કેટલાક મુસાફરોએ ફરિયાદ ઉઠાવી છે.

એસટી ડેપોના કથળેલા વહીવટે મુસાફરો ખાસ કરીને રોજીંદા મુસાફરો માટે સમસ્યાઓ પેદા કરી કન્ટ્રોલ કેબિન પર તેમની બસ આવશે કે કેમ તે અંગે પૃચ્છા કરવા જાય છે પરંતુ સંતોષકારક પ્રત્યુત્તર પ્રાપ્ત થતો નથી. કેટલાક મુસાફરોએ ડ્રાઈવર-કંડકટરનો મોબાઈલ નંબર લઈ રાખ્યો છે જેના પર ફોન કરે ત્યારે ખબર પડે છે કે બસ આવશે કે નહી અથવા કેટલા વાગે આવશે. આ પરિસ્થિતિના કારણે મુસાફરો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. સત્વરે આ રૂટની બસોને નિયમિત કરાય અને બંધ કરાયેલ બસને ચાલુ કરાય તેવી મુસાફર જનતામાં માંગ ઉઠવા પામી છે.

### બસ સાહેબ કેન્સલ કરી છે

સવારે ૮.૩૦ કલાકે ગાંધીનગર સરખેજની બસ અચાનક બે માસથી બંધ કરી દેવાઈ છે. આ અંગે મુસાફરો કન્ટ્રોલ કેબિન પર તપાસ કરે છે તો બસ બંધ કરવાનુ કોઈ કારણ જણાવાતુ નથી માત્ર એવો જ જવાબ અપાય છે કે 'સાહેબ બસ કેન્સલ કરી છે' વળી, સચિવાલયના કર્મચારીઓને અનુલક્ષીને મુકાયેલ ગાંધીનગર-થલતેજ બસ શનિવારે બંધ રખાતી હોવાથી શનિવારે અન્ય મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડે છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બાબાને ટેબ્લેટમાં ટાઈપ કરતાં, વાંચતા આવડી ગયું છે... હવે ખાલી બોલતા શીખવવાનું બાકી રહ્યું...!

# સે-૧૩માં હિંચકાના હુકે દોરી બાંધી એરફોર્સકર્મીનો ગળે ફાંસો
### રાત્રે બે વાગ્યે કોઈ કારણોસર કર્મચારીના આપઘાતથી ચકચાર : મકાનના રીનોવેશન બાબતે ઘરમાં સામાન્ય માથાકુટ થઈ હતી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરના સે-૧૩ ખાતે રહેતા એરફોર્સ કર્મચારીએ ગઈ રાત્રે બે વાગ્યે પોતાના ઘરે જ હિંચકાના હુક સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. સે-૭ પોલિસને ઘટનાની જાણ થતા સ્થળ પર પહોંચી ગઈ હતી અને મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ઉંડી તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સે-૧૩ મકાન નં. ૪/૧ ખાતે રહેતા ૪૫ વર્ષીય કર્મચારી ભીમસેન ઓમપ્રકાશ કસવાન એરફોર્સમાં કલેરીકલ વર્કની નોકરી કરતા હતાં. મુળ પંજાબના આ કર્મચારીનો પરિવાર દિલ્હી રહેતો હતો. થોડા સમયથી પરિવાર ગાંધીનગર રહેવા આવ્યું હતું. મકાનના રંગરોગાન અને મરામત કામકાજ મામલે ઘરમાં સામાન્ય બોલાચાલી તાજેતરમાં થઈ હતી. મકાન રીનોવેશન કરાવવાનું નક્કી પણ થયું. દરમિયાન ગઈ રાત્રે બે વાગ્યે કોઈ અગમ્ય કારણોસર ભીમસેને ઘરમાં જ હિંચકાના હુક સાથે દોરી બાંધી ગળે ફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોનું ધ્યાન પડતા રાત્રે પોલિસ બોલાવવામાં આવી હતી. સે-૭ પોલિસ મથકના રણછોડજી સ્થળ પર પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.



## પી.જી. મેડીકલ પ્રક્રિયાનો બીજો તબક્કો રદ કરતા વિદ્યાર્થીઓએ હોબાળો મચાવ્યો

ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડીટોરીયમ ખાતે છેલ્લા ઘણા સમયથી પીજીના એડમીશનની પ્રક્રિયા ચાલી રહી છે. જેમાં પીજી મેડીકલમાં હાલમાં રીશફલિંગ ચાલી રહ્યું છે. જેમાં મોટો છબરડો સર્જાતા બંન્ને દિવસના રીશફલિંગ કેન્સલ કરવામાં આવ્યા છે. જેને પગલે વિદ્યાર્થીઓમાં રોષ ફાટી નીકળ્યો છે. આજે ઓડિટોરીયમ ખાતે વિદ્યાર્થીઓ કમિટી મેમ્બરને પુછવા છતા તેઓએ વિદ્યાર્થીઓ સાથે તોછડાઈ ભર્યુ વર્તન કરીને સિકયુરીટી બોલાવીને વિદ્યાર્થીઓને બહાર ખદેડી મુકયા હતા.ત્યારે વિદ્યાર્થીઓએ પ્રવેશ પ્રક્રિયામાં થયેલા આવડા મોટા છબરડામાં એડમિશન કમિટીની ભુલ છે કે કોઈ મોટું ષડયંત્ર..? તેમજ કમિટીના કૌંભાડને છાવરવા માટે સોફટવેરની ભુલનો સહારો લેવામાં આવ્યો છે તે સહિતના વિવિધ આક્ષેપો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યા છે.

## આજે જિલ્લા-શહેર કોંગ્રેસની સંયુક્ત કારોબારી બેઠક

આગામી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડકારને ઝીલવા કાર્યકરોમાં નવું જોમ અને જુસ્સો પુરો પાડવા માટે આગામી તારીખ ૧૯-૫-૨૦૧૭ શુક્રવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે સ્ટાફ ટ્રેઈનીંગ કોલેજ, સેક્ટર-૧૭ ખાતે ગાંધીનગર જિલ્લા-શહેર કોંગ્રેસ સમિતિની સંયુક્ત કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષસ્થાને તેમજ જિલ્લા શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહની ઉપસ્થિતિમાં મળશે.

## સઈજમાં એલસીબીએ દરોડો પાડી દેશી દારૂનો જથ્થો પકડયો



ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમ કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હે. કોન્સ્ટેબલ જયવિરસિંહને બાતમી મળી હતી કે સઈજ ખાંટાવાસ ખાતે રહેતા ગોકાજી શનાજી ઠાકોરના ઘરે દેશી દારૂનો વેપલો થાય છે. તેને આધારે ટીમે દરોડો પાડી તેના ઘરમાંથી રૂ. ૬૦૦ની કિમતનો ૩૦ લીટર દેશી દારૂનો જથ્થો પકડી પાડી આરોપી ગોકાજી ઠાકોરની ધરપકડ કરી કલોલ તાલુકા પોલિસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરાવ્યો છે.




શહેરમાં રેનસમવેર વાઈરસના આક્રમણને પ્રતાપે બેંકોના એટીએમ મશીનો ખોટકાઈ પડ્યા હતા. જેના કારણે ગ્રાહકોને ઘણી હાલાકી ભોગવવી પડી હતી. હવે ધીમે ધીમે એ સમસ્યા ઉકેલાતી જણાય છે પરંતુ ગાંધીનગરના સેક્ટર-૨૨માં દેના બેંકની શાખા બહારનુ એટીએમ કેન્દ્ર ઘણા સમયથી ગ્રાહકો માટે મુશ્કેલીનું કેન્દ્ર બન્યુ છે. આ એટીએમ કેન્દ્રનું એસી ભરઉનાળામાં ઘણા સમયથી બંધ હાલતમાં છે. આશ્ચર્યની વાત તો એ છે કે એસી બંધ હોવાને કારણે એટીએમ કેન્દ્રના દરવાજા સાવ ખુલ્લાં રાખવા પડે છે. જે ગ્રાહકો માટે નાંણાકીય વ્યવહારની ગુપ્તતા અને સલામતી માટે ખતરારૂપ છે વળી, એસી બંધ હોવાને કારણે એટીએમ મશીનો માટે પણ હાનિકારક સ્થિતિ સર્જાઈ છે.

# ચિલોડા ખાતે ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક દ્વારા જનજાગૃતિ અભિયાન

તાલુકાના ચિલોડા ખાતે ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો. ઓપરેટીવ બેંક આયોજિત જનજાગૃતિ અભિયાન અંતર્ગત એક શેરી નાટક ગ્રાહકોને મળે તેવા હેતુસર નાટ્યાત્મક પદ્ધતિથી માહિતીગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બેંકિંગ ક્ષેત્રની લગતી પદ્ધતિ, પ્રધાનમંત્રી વીમા યોજના, વગેરેની વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચિલોડા મંડળીના ચેરમેન






કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં રંગમંચના કલાકાર દ્વારા બેંકને લગતી સુવિધા સેવાઓ અંગે લોકોમાં જાગૃતિ લાવવા તથા બેંકને લગતી તમામ યોજનાઓનો લાભ નાગરિકોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેવી માહિતી રજૂ કરાઈ હતી. આમ બેંકિંગ દ્વારા શિક્ષણ લોન, આવાસલોન, ખેડૂતોને પાક ધિરાણ આધારકાર્ડ લીંક, એટીએમ, કેશલેસ જૈમિન પટેલ, દૂધ મંડળીના ચેરમેન શાંમળભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સભ્ય અને પત્રકાર નટુભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી તેમનું મોમેન્ટો આપી સન્માન કર્યું હતું.




વેકેશન એટલે પ્રવાસ પર્યટનનો સમય. ડિવાઈન વિઝન ગૃપના બાળકોને સંસ્થા દ્વારા ઈડરીયો ગઢ, તારંગા હિલ, વિરેશ્વર મહાદેવ, ધરોઈ ડેમ, વિજયનગરની પોળોના જંગલ, ખેડબ્રહ્માનું અંબિકા મંદિર તથા વડાપ્રધાનના વતન વડનગર શહેર સહિત પ્રહલાદભાઈ મોદી દ્વારા સંચાલિત વૃદ્ધાશ્રમની મુલાકાત આવરી લેતો બે દિવસીય નિઃશુલ્ક પ્રવાસ કરાવાયો હતો. પ્રવાસનું સંચાલન ગૃપ લીડર રીધન આર્યએ કર્યુ હતુ.

# ઊર્જા વિકાસ નિગમમાં પારદર્શી ભરતી માટે સરકાર કટિબદ્ધ

ગાંધીનગર, તા.૧૮

રાજયની ઊર્જા મંત્રી ચીમનભાઈ સાપરીયાએ જણાવ્યું છે કે, ગુજરાત ઊર્જા વિકાસ નિગમમાં ઝડપી અને પારદર્શી ભરતી થાય તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે અને આ માટે રાજય સરકારે ભરતી અને બઢતી અંગેના નિયમો અને પ્રક્રિયામાં એકરૂપતા લાવવા કેટલાક નિર્ણયો કર્યા છે. મંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીના સબળ માર્ગદર્શન હેઠળની રાજય સરકારે પુખ્ત વિચારણાને અંતે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ.લિ.તથા તેના નિયંત્રણ હેઠળની કંપનીઓમાં ભરતી તથા બઢતી અંગેના નિયમો અને પ્રક્રિયામાં એકરૂપતા લાવવા નિર્ણયો કર્યા છે. જીયુવીએનએલ અને તેની સંલગ્ન કંપનીઓમાં જુનિયર ઈજનેર, જુનીયર આસીસ્ટન્ટની ભરતીમાં લધુત્તમ લાયકાત જે ૫૫-૬૦ ટકા હતી તેના બદલે જે તે જગ્યાને સંબંધિત સ્નાતકની પદવી માન્ય ગણવામાં આવશે. વિદ્યુત સહાયક જુનીયર આસીસ્ટન્ટની જગ્યા ઉપરથી ભરતીમાં તમામ વિદ્યા શાખાની સ્નાતક પદવીને લાયકાતનું ધોરણ ગણવવામાં આવશે. આ ઉપરાંત પહેલા દરેક વીજ કંપની પોતાની રીતે અલગ અલગ ભરતી પ્રક્રિયાઓ કરતી હતી તેના બદલે હવે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ તમામ ભરતી બઢતી પરીક્ષા માટે મધ્યસ્થ પરીક્ષા બોર્ડની રચના કરશે તેવો નિર્ણય કરવામાં આવેલ છે. નિગમના હેલ્પરોને જુનીયર આસીસ્ટન્ટ તરીકે વધુ સારી તક મળે તે માટે હેલ્પરની જુનીયર આસીસ્ટન્ટની જગ્યાએ પસંદગીમાં જીયુવીએનએલએ જુનીયર આસીસ્ટન્ટ સંવર્ગની કુલ જગ્યાઓમાંથી ૧૦ ટકા જેટલી જગ્યાએ હેલ્પરોમાંતી પસંદગી થઈ શકે તે માટે રાખવા અને હેલ્પરો માટે થયેલી ખાતાકીય પરીક્ષામાં મેળવેલા ગુણમાંથી ૫૦ ટકા ગુણ લાયકી માપદંડ રાખવા પણ રાજય સરકારે નક્કી કર્યું છે.

# જિલ્લાના બાગાયત ખેડૂતો માટે માર્ગદર્શન

ગાંધીનગર, તા.૧૮

નાયબ બાગાયત નિયામકની કચેરી દ્વારા ગાંધીનગર જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૭-૨૦૧ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી યોજનાઓની સાથે નવી બાબતો સમાવીને ૯૦ ટકા સહાયનો કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ યોજનાની માહિતી **i-khedut portal** પર મુકવામાં આવી છે.

નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી દ્વારા ચાલતી યોજનાની અંદર નવી બાબતોમાં ફળ પાકોમાં પ્લાન્ટીંગ મટીરીયલ માટે ૯૦ ટકા સહાયનો કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે. ટીસ્યુ કલ્ચર છોડ દ્વારા ખોરાકની ખેતીમાં વાવેતર વિસ્તાર વધારવા, સરગવાની ખેતી, વેલવાળા શાકભાજીના ટીસ્યુ કલ્ચરથી ઉત્પન્ન થયેલ પ્લાન્ટીંગ મટીરીયલ (છોડ/રોપા) દ્વારા વાવેતર માટે સહાય આપવાનો કાર્યક્રમ તા. ૧૬-૫-૧૭થી ૭-૬-૧૭ દરમિયાન **i-khedut portal** પર ખુલ્લો મુકવામાં આવ્યો છે.

આ યોજનાનો લાભ લેવા માંગતા બાગાયતદાર ખેડૂતોએ ૧૬ મે થી ૭ જુન દરમિયાન પોતાના ગામમાં ઈ ગ્રામ સેન્ટર અથવા ખાનગી ઈન્ટરનેટ ઉપરથી ૭-૧૨ ઉતારો ૮-અની નકલ આધારકાર્ડની નકલ અને બેંક ખાતાની વિગત લઈ વિભાગમાં સમયસર અરજી કરવાની રહેશે. સાથે અરજીની નકલ અને જરૂરી કાગળો દિન-૭માં જમા કરવાની રહેશે. વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-બ્લોક, સે-૧૧, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૭૭૬૦ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

## અમદાવાદમાં કૈલાશ માનસરોવર માર્ગદર્શન સમારોહ ૨૦૧૭ યોજાશે

કૈલાશ પરિવાર દ્વારા કૈલાશ માનસરોવર યાત્રા અંગે માર્ગદર્શન કેમ્પ તા. ૨-૫-૨૦૧૭ના શનિવારે હેતાર્થ પાર્ટી પ્લોટ સાયન્સ સીટી રોડ, સોલા-અમદાવાદ ખાતે યોજાશે.

ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા પસંદ કરેલ ગુજરાત રાજયના યાત્રીઓ માટે કૈલાશ પરિવાર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ યાત્રા અંગે માર્ગદર્શન કેમ્પ યોજાશે. સાથે મેડીકલ ટેસ્ટ, સામાન પેકીંગ માટે કિટ વિતરણ, વિડીયો દર્શન અને યાત્રા સંબંધિત જરુરી માહિતી પુરી પાડવામાં આવશે. કૈલાશ માનસરોવર યાત્રાએ જનાર તમામ યાત્રીઓને સમયસર ઉપસ્થિત રહેવા કૈલાસ પરિવાર દ્વારા અનુરોધ કરાયો છે.

## કોંગ્રેસ દ્વારા વોર્ડ નં-૩ ના પ્રમુખની વરણી કરાઈ

ગાંધીનગર મહાનગર પાલિકાના વોર્ડ નં-૩ ના કોંગ્રેસના પ્રમુખ તરીકેની વધારાની જવાબદારી રણધીરસિંહ રતનસિંહ રાઠોડને સોંપવામાં આવેલ છે. વોર્ડ નં-૩માં સે-૧૯,૨૦,૨૧,૨૨ અને ૩૦ નો સમાવેશ થાય છે. તેમ ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. કૌશિક શાહે જણાવ્યું છે. જયારે વોર્ડ નં-૩ માં રણધીરસિંહની નિમણુંકને પગલે કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળયું છે. ત્યારે સૌ સાથી મિત્રો અને કાર્યકરોએ અભિનંદન સહ શુભેચ્છા પાઠવી હતી.

**કામધેનુ યુનિવર્સિટી**

કર્મયોગી ભવન, બ્લોક-૧, વિંગ-બી, ૪થો માળ, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ ● ફોન નં. : (૦૭૯) ૬૫૭૨૧૯૧૮

**ઈ-ટેન્ડર નિવિદા-૦૨ ઓફ ૨૦૧૭-૧૮**

સંશોધન નિયામકશ્રીની કચેરી, કામધેનુ યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના કામનું ટેન્ડર અનુક્રમ નં. (૧) ફક્ત ઈ-ટેન્ડર પદ્ધતિથી મંગાવવામાં આવે છે. ટેન્ડરની વિગતો વેબસાઈટ www.acd.nprocure.com પર જાણવા મળશે.

| અ. નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ (૨) ટેન્ડર ફી | (૩) બાનાની રકમ (૪) કક્ષા |
|---|---|---|---|
| ૧. | કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે સ્ટેશનરી/પેટી સ્ટોર આઈટમો વાર્ષિક ભાવકરારથી પૂરી પાડવાની કામગીરી | (૧) રૂ. ૧૦,૫૩,૦૦૮.૧૫ (૨) રૂ. ૧૫૦૦/- | (૩) ૩૧,૬૦૦/- (૪) ટેન્ડરમાં દર્શાવ્યા અનુસાર |

| અ. નં. | ટેન્ડર ઓનલાઈન ઉપલબ્ધ થવાની તારીખ | ટેન્ડર ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તારીખ અને સમય | બાનાની રકમ અને ટેન્ડર ફી કામધેનુ યુનિવર્સિટી ખાતે હાર્ડકોપીમાં રજીસ્ટર પોસ્ટથી બંધ કવરમાં રજૂ કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| ૧. | ૨૦/૫/૨૦૧૭ | ૯/૬/૨૦૧૭ ૧૮.૦૦ કલાક સુધી | ૧૩/૬/૨૦૧૭ ૧૫.૦૦ કલાક સુધી |

ટેન્ડર મંજુર કરવાની કે નામંજુર કરવાની તમામ આખરી સત્તા નીચે સહી કરનાર અધિકારીશ્રીની અબાધિત રહેશે.
માહિતી/૪૯૩/૧૭-૧૮ **સંશોધન નિયામક**

# કેન્દ્રીય મંત્રી અનિલ દવેના નિધન પર શોક વ્યકત કરતા રાજયપાલશ્રી

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ.પી. કોહલીએ કેન્દ્રીય પર્યાવરણ રાજયમંત્રી શ્રી અનિલ માધવ દવેના અચાનક થયેલ દુઃખદ નિધનના સમાચાર જાણી ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે. રાજયપાલશ્રી ઓ.પી. કોહલી જેઓ મધ્યપ્રદેશના રાજયપાલ તરીકે પણ કાર્યભાર સંભાળી રહ્યા છે. તેમણે સંવેદના સંદેશમાં જણાવ્યું છે કે બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી અનિલ માધવ દવે કર્મઠ જન સેવક, વરિષ્ઠ રાજનીતિજ્ઞ અને કુશળ પ્રશાસક હતા. સ્વર્ગસ્થ શ્રી દવેએ કેન્દ્રીય પર્યાવરણ રાજયમંત્રી તરીકે પ્રશંસનીય સેવાઓ પ્રદાન કરી હતી. તેમના નિધનથી દેશ અને મધ્યપ્રદેશના સાર્વજનિક જીવનમાં એક મોટી ક્ષતિ થઈ છે, જે કયારેય પુરી નહીં શકાય.

**ટુંકી જાહેર નિવિદા નં. ૪ સને ૨૦૧૭-૧૮**
**પાટનગર યોજના પેટા વિભાગ નં.૧, ગાંધીનગર**

ગુજરાત રાજ્યના રાજયપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં. ૧, પાટનગર યોજના ભવન, સેક્ટર નં.૧૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૯૨૫૩)ની કચેરી દ્વારા રહેણાંક મકાનોમાં મરામત અને નિભાવણીના કુલ-૧ (એક) કામ જેની અંદાજી રકમ રૂ. ૦.૮૮ લાખ સુધીની છે. જે કામ માટે સરકારશ્રીમાં નોંધાયેલ 'ઈ-૨' અને ઉપરની શ્રેણીમાં વેલીડ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડરના ભાવો માંગવામાં આવે છે.

આ કામના નિયત કોરા ટેન્ડર ફોર્મ જરૂરી ટેન્ડર ફી, એફ.ડી.આર. તેમજ (લાગુ પડતું હોય તો) બાનાની રકમ (ઈ.એમ.ડી.) ના.કા.ઈ.શ્રી, પા.યો.પે.વિ.નં.૧ ગાંધીનગરના નામની બેંક સોલવંશી ચાલુ કેલેન્ડર વર્ષ (૨૦૧૭) પાન નંબર, રજીસ્ટ્રેશન સર્ટિ જેવા જરૂરી પ્રમાણપત્રો રજૂ કર્યેથી અત્રેની કચેરીએથી તા. ૧૯/૫/૨૦૧૭ થી તા. ૨૨/૫/૨૦૧૭ના રોજ ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે અને ભાવો ભરેલ ટેન્ડર ફોર્મ અત્રેની કચેરીએ તા. ૨૬/૫/૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીતે રજી.પો.એ.ડી.થી મોકલી આપવાના રહેશે. ત્યારબાદ ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. શક્ય હશે તો ભાવો ભરાઈને પરત આવેલ ટેન્ડરો અત્રેની કચેરી ખાતે તા. ૨૯/૫/૨૦૧૭ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે હાજર રહેલ ટેન્ડર ભરનાર એજન્સીઓની રૂબરૂમાં ખોલવામાં આવશે.

વિગતવાર નિવિદા તથા સંલગ્ન માહિતી માટે કામકાજના ચાલુ દિવસોએ કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે.

આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા જ ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક ખાતાના અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/૪૮૮/૧૭-૧૮